શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્ય પ્રણીત

# દ્વાદશ અનુપ્રેક્ષા

[બારસ અણુવેકખા]

પ્રકાશક

શ્રી વીતરાગ સત્ સાહિત્ય-પ્રસારક ટ્રસ્ટ,

ભાવનગર

ॐ

श्री परमात्मने नम:

श्रीमद्‌भगवत्कुन्दकुन्दाचार्य प्रणीत

# [ બારસ અણુવેક્ખા ]

# દ્વાદશ અનુપ્રેક્ષા

નો

## મૂળ ગાથાનુગામી ગુજરાતી અનુવાદ

મંગળાચરણ અને પ્રતિજ્ઞાવાક્ય

**णमिऊण सव्वसिद्धे झाणुत्तमखविददीहसंसारे ।**
**दस दस दो दो व जिणे दस दो अणुपेहणं वोच्छे ॥ १ ॥**

જેણે ઉત્તમધ્યાનથી દીર્ઘસંસારનો નાશ કર્યો છે એવા સર્વ સિદ્ધો તથા ચોવીશ તીર્થંકરોને નમસ્કાર કરી દ્વાદશ (બાર) અનુપ્રેક્ષાઓ કહીશ. ૧.

બાર અનુપ્રેક્ષાઓનાં નામ

**अद्धुवमसरणमेगत्तमण्णसंसारलोगमसुचित्तं ।**
**आसवसंवरणिज्जर धम्मं बोहिं च चिंतेज्जो ॥ २ ॥**

અધ્રુવ, અશરણ, એકત્વ, અન્યત્વ, સંસાર, લોક, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, ધર્મ અને બોધિ (દુર્લભ) —આ દ્વાદશ અનુપ્રેક્ષાઓનું ચિંતન કરવું જોઈએ. ૨.

—∞∞—

અધ્રુવ અનુપ્રેક્ષા

वरभवणजाणवाहणसयणासण देवमणुवरायाणं ।
मादुपिदुसजणभिच्चसम्बन्धिणो य पिदिवियाणिच्चा ॥३॥

ઉત્તમ ભવન, યાન, વાહન, શયન, આસન, દેવ, મનુષ્ય, રાજા, માતા, પિતા, કુટુમ્બી અને સેવક આદિ બધાં અનિત્ય તથા પૃથક્ થઈ જાય છે. ૩.

सामग्गिंदियरूवं आरोग्गं जोव्वणं बलं तेजं ।
सोहग्गं लावण्णं सुरधणुमिव सस्सयं ण हवे ॥४॥

બધાં પ્રકારની સામગ્રી—પરિગ્રહ, ઇન્દ્રિયો, રૂપ, નીરોગતા, યૌવન, બળ, તેજ, સૌભાગ્ય અને સૌન્દર્ય એ બધાં—ઇન્દ્રધનુષની જેમ—શાશ્વત રહેનાર નથી અર્થાત્ બધાં નાશવાન છે. ૪.

जलबुब्बुदसक्कधणुखणरुचिघणसोहमिव थिरं ण हवे।
अहमिंदट्ठाणाइं बलदेवप्पहुदिपज्जाया ॥५॥

અહમિંદ્રનાં પદ અને બલદેવ આદિની પર્યાયો—પાણીના પરપોટા, ઇન્દ્રધનુષ, વીજળી અને મેઘની શોભા જેવી—સ્થિર રહેનારી નથી. ૫.

जीवणिबद्धं देहं खीरोदयमिव विणस्सदे सिग्घं ।
भोगोपभोगकारणदव्वं णिच्चं कहं होदि ॥६॥



જ્યારે દૂધ અને પાણીની જેમ જીવની સાથે રહેલું શરીર શીઘ્ર નષ્ટ થઈ જાય છે ત્યારે ભોગોપભોગના કારણભૂત પદાર્થો—સ્ત્રી આદિ પરિકર નિત્ય કેમ હોઈ શકે? ૬.

परमट्ठेण दु आदा देवासुरमणुवरायविभवेहिं ।
वदिरित्तो सो अप्पा सस्सदमिदि चिंतए णिच्चं ॥७॥

પરમાર્થથી આત્મા દેવ, અસુર અને નરેન્દ્રોનાં વૈભવથી ભિન્ન છે અને તે આત્મા શાશ્વત છે એમ નિરંતર ચિંતન કરવું જોઈએ. ૭.

—•—

અશરણાનુપ્રેક્ષા

मणिमंतोसहरक्खा हयगयरहओ य सयलविज्जाओ।
जीवाणं ण हि सरणं तिसु लोए मरणसमयम्हि ॥८॥

મરણ-સમયે જીવને ત્રણે લોકમાં મણિ, મંત્ર, ઔષધિ, રક્ષકસામગ્રી, હાથી, ઘોડા, રથ અને સમસ્ત વિદ્યાઓ શરણ નથી અર્થાત્ મરણથી બચાવવા માટે સમર્થ નથી. ૮.

सग्गो हवे हि दुग्गं भिच्चा देवा य पहरणं वज्जं।
अइरावणो गइंदो इंदस्स ण विज्जदे सरणं ॥९॥

જેમનો સ્વર્ગ કિલ્લો છે, દેવ સેવક છે, વજ્ર શસ્ત્ર છે અને ઐરાવત ગજરાજ છે તેવા ઇન્દ્રને પણ કોઈ શરણ નથી—તેને પણ મૃત્યુથી બચાવવાવાળો કોઈ નથી. ૯.

णवणिहि चउदहरयणं हयमत्तगइंदचाउरंगबलं।
चक्केसस्स ण सरणं पेच्छंतो कद्दये कालो ॥१०॥

નવ નિધિઓ, ચૌદ રત્નો, ઘોડાઓ, મત્ત હાથી અને ચતુરંગિણી સેના ચક્રવર્તીને શરણ નથી. જોત જોતામાં કાળ તેને નષ્ટ કરી નાખે છે. ૧૦.

जाइजरामरणरोगभयदो रक्खेदि अप्पणो अप्पा।
तम्हा आदा सरणं बंधोदयसत्तकम्मवदिरित्तो॥ ११॥

જે કારણે આત્મા જ જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી આત્માની રક્ષા કરે છે તે જ કારણે બંધ, ઉદય અને સત્તારૂપ અવસ્થાએ પ્રાપ્ત કર્મોથી પૃથક્ રહેનાર આત્મા જ શરણ છે—આત્માની નિષ્કર્મ અવસ્થા જ તેને જન્મ, જરા આદિથી બચાવવાવાળી છે. ૧૧.

अरुहा सिद्धाइरिया उवज्झाया साहु पंचपरमेट्ठी।
ते वि हु चिट्ठदि आदे तम्हा आदा हु मे सरणं॥ १२॥

અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠી છે. કેમકે એ પરમેષ્ઠી પણ આત્મામાં નિવાસ કરે છે અર્થાત્ આત્મા સ્વયં પંચ પરમેષ્ઠીરૂપ પરિણમન કરે છે તેથી આત્મા જ મને શરણરૂપ છે. ૧૨.

सम्मत्तं सण्णाणं सच्चारित्तं च सत्तवो चेव।
चउरो चिट्ठदि आदे तम्हा आदा हु मे सरणं॥ १३॥

કારણ કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ એ ચારેય પણ આત્મામાં સ્થિત છે તેથી આત્મા જ મને શરણરૂપ છે. ૧૩.

---



એકત્વાનુપ્રેક્ષા

एक्को करेदि कम्मं एक्को हिंडदि य दीहसंसारे।
एक्को जायदि मरदि य तस्स फलं भुंजदे एक्को॥ १४॥

જીવ એકલો જ કર્મ કરે છે, એકલો જ દીર્ઘ સંસારમાં ભ્રમણ કરે છે, એકલો જન્મે છે, એકલો જ મરે છે અને એકલો જ કર્મનું ફળ ભોગવે છે. ૧૪.

एक्को करेदि पावं विसयणिमित्तेण तिव्वलोहेण।
णिरयतिरियेसु जीवो तस्स फलं भुंजदे एक्को॥ १५॥

વિષયોના નિમિત્તે તીવ્ર લોભથી જીવ એકલો જ પાપ કરે છે અને નરક તથા તિર્યંચ ગતિમાં એકલો જ તેનું ફળ ભોગવે છે. ૧૫.

एक्को करेदि पुण्णं धम्मणिमित्तेण पत्तदाणेण।
मणुवदेवेसु जीवो तस्स फलं भुंजदे एक्को॥ १६॥

ધર્મના નિમિત્તે પાત્રદાનથી જીવ એકલો જ પુણ્ય કરે છે અને મનુષ્ય તથા દેવોમાં એકલો જ તેનું ફળ ભોગવે છે. ૧૬.

---

પાત્રના ત્રણ ભેદો તથા અપાત્રનું વર્ણન

उत्तमपत्तं भणियं सम्मत्तगुणेण संजुदो साहू।
सम्मादिट्ठी सावय मज्झिमपत्तो हु विण्णेओ॥ १७॥

णिद्दिट्ठो जिणसमये अविरदसम्मो जहण्णपत्तो त्ति।
सम्मत्तरयणरहिओ अपत्तमिदि संपरिक्खेज्जो॥ १८॥

સમ્યક્ત્વરૂપી ગુણથી યુક્ત સાધુને ઉત્તમ પાત્ર કહ્યું છે, સમ્યગ્દષ્ટિ શ્રાવકને મધ્યમ પાત્ર જાણવું જોઈએ. જિનાગમમાં અવિરત સમ્યગ્દષ્ટિને જઘન્ય પાત્ર કહેલ છે અને જે સમ્યગ્દર્શનરૂપી રત્નથી રહિત છે તે અપાત્ર છે આ પ્રકારે પાત્ર અને અપાત્રની સારી રીતે પરીક્ષા કરવી જોઈએ. ૧૭–૧૮.

સમ્યક્ત્વ-મહિમા

दंसणभट्टा भट्टा दंसणभट्टस्स णत्थि णिव्वाणं ।
सिज्झंति चरियभट्टा दंसणभट्टा ण सिज्झंति ॥ १९ ॥

જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે તે જ ભ્રષ્ટ છે, સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ મનુષ્યનો મોક્ષ થતો નથી. જે ચારિત્રથી ભ્રષ્ટ છે તે તો (ફરીથી ચારિત્ર ધારણ કરી લેવાથી) સિદ્ધ થઈ જાય છે પરંતુ જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે તે સિદ્ધ થઈ શકતા નથી.

ભાવાર્થ:—જે મનુષ્ય સમ્યગ્દષ્ટિ તો છે પરંતુ ચારિત્ર-મોહનો તીવ્ર ઉદય આવી જવાથી ચારિત્રથી ભ્રષ્ટ થઈ જાય છે તે ફરીથી ચારિત્રને ધારણ કરી મોક્ષ પ્રાપ્ત કરી લ્યે છે પરંતુ જે સમ્યગ્દર્શનથી પણ ભ્રષ્ટ થઈ ગયા છે તેને મોક્ષ પ્રાપ્ત કરવો સરળ નથી. ૧૯.

एक्कोहं णिम्ममो सुद्धो णाणदंसणलक्खणो ।
सुद्धेयत्तमुपादेयमेवं चिंतेइ संजदो ॥ २० ॥

હું એકલો છું, મમત્વ રહિત છું, શુદ્ધ છું તથા જ્ઞાન–દર્શનરૂપ લક્ષણથી યુક્ત છું તેથી શુદ્ધ એકત્વભાવ જ



ઉપાદેય છે—ગ્રહણ કરવા યોગ્ય છે આ પ્રકારે સંયમી—સાધુએ સદા ચિંતવવું જોઈએ. ૨૦.

અન્યત્વાનુપ્રેક્ષા

मादापिदरसहोदरपुत्तकलत्तादिबंधुसंदोहो ।
जीवस्स ण संबंधो णियकज्जवसेण वट्टंति ॥ २१ ॥

માતા, પિતા, સગા ભાઈ, પુત્ર તથા સ્ત્રી આદિ બંધુજનો—ઇષ્ટજનોનો સમૂહ જીવથી સંબંધ રાખવાવાળાં નથી. એ સઘળાં પોતાના કાર્યવશે સાથે રહે છે. ૨૧.

अण्णो अण्णं सोयदि मदो त्ति मम णाहगो त्ति मण्णंतो ।
अप्पाणं ण हु सोयदि संसारमहण्णवे बुड्डं ॥ २२ ॥

આ મારો સ્વામી હતો, આ મરી ગયો એ પ્રકારે માનતો થકો અન્ય જીવ અન્ય જીવપ્રત્યે શોક કરે છે પરંતુ સંસારરૂપી મહાસાગરમાં ડૂબી રહેલાં પોતાના પ્રત્યે પોતે શોક કરતો નથી. ૨૨.

अण्णं इमं सरीरादिगं पि होज्ज बाहिरं दव्वं ।
णाणं दंसणमादा एवं चिंतेहि अण्णत्तं ॥ २३ ॥

આ શરીરાદિક જે બાહ્ય પદાર્થો છે તે સઘળાં મારાથી અન્ય છે, જ્ઞાન–દર્શન જ આત્મા છે અર્થાત્ જ્ઞાન–દર્શન જ મારા છે આ પ્રકારે અન્યત્વ ભાવનાનું ચિંતન કરો. ૨૩.

સંસારાનુપ્રેક્ષા

पंचविहे संसारे जाइजरामरणरोगभयपउरे ।
जिणमग्गमपेच्छंतो जीवो परिभमदि चिरकालं ॥ २४ ॥

જિનેન્દ્રભગવાન દ્વારા પ્રણીત માર્ગની પ્રતીતિ નહિ કરતો થકો જીવ, ચિરકાળથી જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી પરિપૂર્ણ પાંચ પ્રકારનાં સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ એ પાંચ પરિવર્તન જ પાંચ પ્રકારનો સંસાર કહેવાય છે. ૨૪.

દ્રવ્યપરિવર્તનનું સ્વરૂપ

**सव्वे वि पोग्गला खलु एगे भुत्तुज्झिया हु जीवेण।**
**असयं अणंतखुत्तो पुग्गलपरियट्टसंसारे ॥ २५ ॥**

પુદ્ગલપરિવર્તન (—દ્રવ્યપરિવર્તન)રૂપ સંસારમાં આ જીવે એકલાએ જ સમસ્ત પુદ્ગલોને અનંતવાર ભોગવીને છોડયાં છે. ૨૫.

ક્ષેત્રપરિવર્તનનું સ્વરૂપ

**सव्वम्हि लोयखेत्ते कमसो तं णत्थि जं ण उप्पण्णं।**
**उग्गाहणेण बहुसो परिभमिदो खेत्तसंसारे ॥ २६ ॥**

સમસ્ત લોકરૂપી ક્ષેત્રમાં એવું કોઈ સ્થાન નથી કે જ્યાં આ (જીવ) ક્રમથી ઉત્પન્ન થયો ન હોય. સમસ્ત અવગાહનાઓ પ્રાપ્ત કરીને આ જીવે ક્ષેત્ર સંસારમાં અનેક વાર પરિભ્રમણ કર્યાં છે.

ભાવાર્થ:—ક્ષેત્રપરિવર્તનમાં સ્વક્ષેત્રપરિવર્તન અને પરક્ષેત્રપરિવર્તનની અપેક્ષાએ બે ભેદ છે. સમસ્ત લોકાકાશમાં ક્રમથી ઉત્પન્ન થવામાં જેટલો સમય લાગે છે તે સ્વક્ષેત્રપરિવર્તન છે અને ક્રમથી જઘન્ય અવગાહનાથી માંડીને ઉત્કૃષ્ટ અવગાહના સુધી ધારણ કરવામાં જેટલો સમય લાગે



છે તેટલો પરક્ષેત્રપરિવર્તન છે. આ ગાથામાં બન્ને પ્રકારનાં ક્ષેત્રપરિવર્તનની ચર્ચા કરેલ છે. ૨૬.

કાળપરિવર્તનનું સ્વરૂપ

**अवसप्पिणिउस्सप्पिणिसमयावलियासु णिरवसेसासु।**
**जादो मुदो य बहुसो परिभमिदो कालसंसारे ॥ २७ ॥**

આ જીવ અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળની સમસ્ત સમયાવલિયોમાં જન્મ્યો છે તથા મર્યો છે આ પ્રકારે એણે કાળ સંસારમાં અનેક વાર પરિભ્રમણ કર્યાં છે. ૨૭.

ભવપરિવર્તનનું સ્વરૂપ

**णिरयाउजहण्णादिसु जाव दु उवरिल्लया दु गेवेज्जा।**
**मिच्छत्तसंसिदेण दु बहुसो वि भवट्ठिदी भमिदो ॥ २८ ॥**

મિથ્યાત્વના આશ્રયથી આ જીવે નરકના જઘન્ય આયુથી લઈ ઉપરિમ (નવમી) ગ્રૈવેયક પર્યંતની ભવસ્થિતિ ધારણ કરી અનેક વાર ભ્રમણ કર્યું છે.

ભાવાર્થ:—નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં જઘન્યથી લઈ ઉત્કૃષ્ટ આયુ પર્યંતને ક્રમથી પ્રાપ્ત કરવામાં જેટલો સમય લાગે છે તેટલા સમયને ભવપરિવર્તન કહે છે. નરકગતિની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરની છે. મનુષ્ય અને તિર્યંચગતિની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યની છે. તથા દેવગતિની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરની છે. પરંતુ મિથ્યાદૃષ્ટિ જીવની ઉત્પત્તિ

દેવગતિમાં એકત્રીસ સાગરની આયુથી યુક્ત ઉપરિમ (નવમી) ગ્રૈવેયક સુધી જ હોય છે તેથી દેવગતિમાં ભવસ્થિતિની અંતિમ સીમા ગ્રૈવેયક પર્યંત જ બતાવેલ છે. ૨૮.

ભાવપરિવર્તનનું સ્વરૂપ

**सव्वे पयडिट्ठिदिओ अणुभागपदेसबंघठाणाणि।**
**जीवो मिच्छत्तवसा भमिदो पुण भावसंसारे॥ २९॥**

આ જીવે મિથ્યાત્વના વશે સમસ્ત કર્મપ્રકૃતિઓની સર્વ સ્થિતિઓ, સર્વ અનુભાગબંધ સ્થાનો અને સર્વ પ્રદેશબંધ સ્થાનોને પ્રાપ્ત કરી વારંવાર ભાવ સંસારમાં પરિભ્રમણ કર્યાં છે.

ભાવાર્થ:— જ્ઞાનાવરણાદિ સમસ્ત કર્મ પ્રકૃતિઓના જઘન્યસ્થિતિ બંધથી લઈ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ પર્યંતને યોગ્ય સમસ્ત કષાયાધ્યવસાયસ્થાન, સમસ્ત અનુભાગાધ્યવસાય સ્થાન અને સમસ્ત યોગસ્થાનોની પ્રાપ્તિ કરી લેવી ભાવ સંસાર છે. એ પાંચે પરિવર્તન જ પાંચ પ્રકારનાં સંસાર છે. આ સંસારોમાં જીવનું પરિભ્રમણ મિથ્યાત્વને લીધે હોય છે. ૨૯.

---

**पुत्तकलत्तणिमित्तं अत्थं अज्जयदि पापबुद्धाए।**
**परिहरदि दयादाणं सो जीवो भमदि संसारे॥ ३०॥**

જે જીવ પુત્ર તથા સ્ત્રીના નિમિત્તે પાપબુદ્ધિથી ધન કમાય છે અને દયા-દાનનો પરિત્યાગ કરે છે તે સંસારમાં ભ્રમણ કરે છે. ૩૦.

**मम पुत्तं मम भज्जा मम धणधण्णो त्ति तिव्वकंखाए।**
**चइऊण धम्मबुद्धिं पच्छा परिपडदि दीहसंसारे॥ ३१॥**



જે જીવ, આ મારો પુત્ર છે, આ મારી સ્ત્રી છે, આ મારા ધનધાન્ય છે એવા પ્રકારની તીવ્ર આકાંક્ષાથી ધર્મબુદ્ધિને છોડે છે તે પાછળથી દીર્ઘસંસારમાં પડે છે. ૩૧.

**मिच्छोदयेण जीवो णिंदंतो जोण्हभासियं धम्मं।**
**कुधम्मकुलिंगकुतित्थं मण्णंतो भमदि संसारे॥ ३२॥**

મિથ્યાત્વના ઉદયથી આ જીવ જિનેન્દ્ર ભગવાન દ્વારા કથિત ધર્મની નિંદા કરતો થકો તથા કુધર્મ, કુલિંગ અને કુતીર્થને માનતો થકો સંસારમાં ભ્રમણ કરે છે. ૩૨.

**हंतूण जीवरासिं महुमंसं सेविऊण सुरपाणं।**
**परदव्वपरकलत्तं गहिऊण य भमदि संसारे॥ ३३॥**

જીવરાશિનો ઘાત કરી, મધુ માંસ અને મદિરાપાનનું સેવન કરી તથા પરદ્રવ્ય અને પરસ્ત્રીને ગ્રહણ કરી આ જીવ સંસારમાં ભ્રમણ કરે છે ૩૩.

**जत्तेण कुणइ पावं विसयणिमित्तं च अहणिसं जीवो।**
**मोहंधयारसहिओ तेण दु परिपडदि संसारे॥ ३४॥**

મોહરૂપી અંધકારથી સહિત જીવ વિષયોના નિમિત્તે યત્નપૂર્વક પાપ કરે છે અને તેનાથી સંસારમાં પડે છે. ૩૪.

**णिच्चिदरधादुसत्तय तरुदसवियलिंदिएसु छच्चेव।**
**सुरणिरयतिरियचउरो चोद्दस मणुए सदसहस्सा॥ ३५॥**

નિત્ય નિગોદ, ઇતર નિગોદ, પૃથિવીકાયિક, જળકાયિક અગ્નિકાયિક અને વાયુકાયિક આ છ પ્રકારનાં જીવોમાં પ્રત્યેકની સાત-સાત લાખ; પ્રત્યેક વનસ્પતિકાયિકની દશ

લાખ; વિકલેન્દ્રિયોની છ લાખ; દેવ, નારકી તથા પંચેન્દ્રિય તિર્યંચોમાં પ્રત્યેકની ચાર-ચાર લાખ; અને મનુષ્યોની ચૌદ લાખ;—આ પ્રકારે સઘળી મળીને ચોરાસી લાખ યોનિઓ છે તેમાં સંસારી જીવ ભ્રમણ કરે છે. ૩૫.

**संजोगविप्पजोगं लाहालाहं सुहं च दुक्खं च।**
**संसारे भूदाणं होदि हु माणं तहावमाणं च॥३६॥**

સંસારમાં જીવોને સંયોગ-વિયોગ, લાભ-અલાભ, સુખ-દુઃખ તથા માન-અપમાન પ્રાપ્ત થાય છે. ૩૬.

**कम्मणिमित्तं जीवो हिंडदि संसारघोरकंतारे।**
**जीवस्स ण संसारो णिच्चयणयकम्मविम्मुक्को॥३७॥**

કર્મોના નિમિત્તથી આ જીવ સંસારરૂપી ભયાનક વનમાં ભમે છે. પરંતુ નિશ્ચયનયથી જીવ કર્મોથી રહિત છે તેથી તેને સંસાર પણ નથી.

ભાવાર્થ:—જીવના સંસારી અને મુક્ત એ ભેદ વ્યવહાર-નયથી છે નિશ્ચયનયથી હોતા નથી કેમકે નિશ્ચયનયથી જીવ અને કર્મ બન્ને ભિન્ન-ભિન્ન દ્રવ્યો છે. ૩૭.

**संसारमदिक्कंतो जीवोवादेयमिति विचिंतेज्जो।**
**संसारदुहक्कंतो जीवो सो हेयमिति विचिंतेज्जो॥३८॥**

સંસારથી મુક્ત થયેલો જીવ ઉપાદેય છે એવો વિચાર કરવો જોઈએ અને સંસારના દુઃખોથી આક્રાંત જીવ છોડવા યોગ્ય છે એવું ચિંતન કરવું જોઈએ. ૩૮.



લોકાનુપ્રેક્ષા

**जीवादिपयट्ठाणं समवाओ सो णिरुच्चए लोगो।**
**तिविहो हवेइ लोगो अहमज्झिमउड्ढमेएण॥३९॥**

જીવ આદિ પદાર્થોનો જે સમૂહ છે તે લોક કહેવાય છે. અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોકના ભેદથી લોક ત્રણ પ્રકારે હોય છે. ૩૯.

**णिरया हवंति हेट्ठा मज्झे दीवंबुरासयो संखा।**
**सग्गो तिसट्ठिभेओ एत्तो उड्ढं हवे मोक्खो॥४०॥**

નીચે નરક છે, મધ્યમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્ર છે, ઉપર ત્રેસઠ ભેદોથી યુક્ત સ્વર્ગ છે અને તેનાં ઉપર મોક્ષ છે. ૪૦.

સ્વર્ગના ત્રેસઠ ભેદોનું વર્ણન

**इगतीस सत्त चत्तारि दोण्णि एक्केक्क छक्क चदुकप्पे।**
**तित्तिय एक्केक्केंदियणामा उडुआदि तेसट्ठी॥४१॥**

સૌધર્મ અને ઈશાન કલ્પમાં એકત્રીસ; સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પમાં સાત; બ્રહ્મ અને બ્રહ્મોત્તર કલ્પમાં ચાર; લાંતવ અને કાપિષ્ઠ કલ્પમાં બે; શુક્ર અને મહાશુક્ર કલ્પમાં એક; શતાર અને સહસ્રાર કલ્પમાં એક; તથા આનત, પ્રાણત, આરણ અને અચ્યુત એ અંતના ચારે કલ્પમાં છ—એમ સોળ કલ્પોમાં કુલ બાવન પટળ છે. તેની આગળ અધોગ્રૈવેયક, મધ્યમગ્રૈવેયક અને ઉપરિમગ્રૈવેયકનાં ત્રિકમાં પ્રત્યેકનાં ત્રણ-ત્રણ અર્થાત્ ગ્રૈવેયકનાં નવ; અનુદિશોનું એક; અને અનુત્તર

વિમાનોનું એક પટળ છે. આ પ્રકારે સઘળાં મળીને ઋતુ આદિ ત્રેસઠ પટળ છે. ૪૧.

---

असुहेण णिरयतिरियं सुहउवजोगेण दिविजणरसोक्खं।
सुद्धेण लहइ सिद्धिं एवं लोयं विचिंतिज्जो ॥ ४२ ॥

અશુભોપયોગથી નરક અને તિર્યંચ ગતિ પ્રાપ્ત થાય છે, શુભોપયોગથી દેવ અને મનુષ્યગતિના સુખ મળે છે અને શુદ્ધોપયોગથી જીવને મુક્તિની પ્રાપ્તિ થાય છે—આ પ્રકારે લોકનો વિચાર કરવો જોઈએ. ૪૨.

---

અશુચિત્વાનુપ્રેક્ષા

अट्ठोहिं पडिबद्धं मंसविलित्तं तएण ओच्छण्णं।
किमिसंकुलेहिं भरियमचोक्खं देहं सयाकालं ॥ ४३ ॥

આ શરીર હાડકાંઓથી બનેલો છે, માંસથી વીંટાયેલો છે, ચામડીથી ઢંકાયેલો છે, કૃમિઓના સમૂહથી ભરેલો છે અને સદાય મલિન રહે છે. ૪૩.

दुग्गंधं बीभच्छं कलिमलभरिदं अचेयणं मुत्तं।
सडणप्पडणसहावं देहं इदि चिंतए णिच्चं ॥ ४४ ॥

આ શરીર દુર્ગંધથી યુક્ત છે, ઘૃણાસ્પદ છે, મલિન મળથી ભરેલો છે, અચેતન છે, મૂર્તિક છે તથા સડન-ગલન સ્વભાવી છે એવું ચિંતન કરવું જોઈએ. ૪૪.

रसरुहिरमंसमेदट्ठीमज्जसंकुलं पुत्तपूयकिमिबहुलं।
दुग्गंधमसुचि चम्ममयमणिच्चमचेयणं पडणं ॥ ४५ ॥



આ શરીર રસ, રુધિર, હાડ, માંસ, ચરબી તથા મજ્જાથી યુક્ત છે, મૂત્ર, પરૂ અને કૃમિઓથી ભરેલો છે, દુર્ગંધમય છે, અપવિત્ર છે, ચર્મમયી છે, અનિત્ય છે, અચેતન છે અને પતનશીલ છે—નશ્વર છે. ૪૫.

देहादो वदिरित्तो कम्मविरहिओ अणंतसुहणिलयो।
चोक्खो हवेइ अप्पा इदि णिच्चं भावणं कुज्जा ॥ ४६ ॥

આત્મા આ શરીરથી જુદો છે, કર્મરહિત છે, અનંત સુખનો ભંડાર છે તથા પવિત્ર છે આ પ્રકારે નિરંતર ભાવના કરવી જોઈએ. ૪૬

---

આસ્રવાનુપ્રેક્ષા

मिच्छत्तं अविरमणं कसायजोगा य आसवा होंति।
पण पण चउतियभेदा सम्मं परिकित्तिदा समए ॥ ४७ ॥

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ આસ્રવ છે. ઉક્ત મિથ્યાત્વ આદિ આસ્રવ ક્રમથી પાંચ, પાંચ, ચાર અને ત્રણ ભેદોથી યુક્ત છે, આગમમાં એનું વર્ણન સારી રીતે કર્યું છે. ૪૭.

મિથ્યાત્વ તથા અવિરતિના પાંચ ભેદ

एयंतविणयविवरियसंसयमण्णाणमिदि हवे पंच।
अविरमणं हिंसादी पंचविहो सो हवइ णियमेण ॥ ४८ ॥

એકાંત, વિનય, વિપરીત, સંશય અને અજ્ઞાન આ પાંચ પ્રકારના મિથ્યાત્વ છે તથા હિંસા આદિના ભેદથી અવિરતિ પાંચ પ્રકારની નિયમથી હોય છે. ૪૮.

ચાર કષાય અને ત્રણ યોગ

कोहो माणो माया लोहो वि य चउव्विहं कसायं खु।
मण वचिकाएण पुणो जोगो तिवियप्पमिदि जाणे ॥ ४९ ॥

ક્રોધ, માન, માયા અને લોભ આ કષાયના ચાર પ્રકાર છે. તથા મન, વચન અને કાયાના ભેદથી યોગના ત્રણ ભેદ છે એમ જાણવું જોઈએ. ૪૯.

असुहेदरभेदेण दु एक्केकं वण्णिदं हवे दुविहं।
आहारादी सण्णा असुहमणं इदि विजाणेहि ॥ ५० ॥

મન વચન કાય આ ત્રણે યોગોમાંથી પ્રત્યેક યોગ અશુભ અને શુભના ભેદથી બે પ્રકારે કહ્યાં છે. આહાર આદિ (—આહાર-ભય-મૈથુન-પરિગ્રહ) સંજ્ઞાઓનું હોવું અશુભ મન છે એમ જાણવું. ૫૦.

किण्हादि तिण्णि लेस्सा करणजसोक्खेसु गिद्धिपरिणामो।
ईसा विसादभावो असुहमणं त्ति य जिणा वेंति ॥ ५१ ॥

કૃષ્ણાદિ (—કૃષ્ણ-નીલ-કાપોત) ત્રણ લેશ્યાઓ, ઈન્દ્રિયજન્ય સુખોમાં તીવ્ર લાલસા, ઈર્ષ્યા તથા વિષાદભાવ અશુભમન છે એમ જિનેન્દ્રદેવ જાણે છે. ૫૧.

रागो दोसो मोहो हास्सादिणोकसायपरिणामो।
थूलो वा सुहुमो वा असुहमणो त्ति य जिणा वेंति ॥ ५२ ॥

રાગ, દ્વેષ, મોહ તથા હાસ્યાદિક (—હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ) નોકષાયરૂપ પરિણામ સ્થૂળ હોય વા સૂક્ષ્મ હોય, અશુભમન છે એમ જિનેન્દ્રદેવ જાણે છે. ૫૨.



भत्तित्थिरायचोरकहाओ वयणं वियाण असुहमिदि।
बंधणछेदणमारणकिरिया सा असुहकायेत्ति ॥ ५३ ॥

ભક્ત (ભોજન) કથા, સ્ત્રીકથા, રાજકથા અને ચોરકથા અશુભ વચન છે એમ જાણવું. તથા બંધન, છેદન અને તાડનરૂપ જે ક્રિયા છે તે અશુભ કાય છે. ૫૩.

मोत्तूण असुहभावं पुव्वुत्तं णिरवसेसदो दव्वं।
वद समिदिसीलसंजमपरिणामं सुहमणं जाणे ॥ ५४ ॥

પૂર્વે કહેલાં અશુભભાવ તથા અશુભ દ્રવ્યને સંપૂર્ણપણે છોડીને વ્રત, સમિતિ, શીલ અને સંયમરૂપ પરિણામોનું થવું શુભમન છે એમ જાણો. ૫૪.

संसारछेदकारणवयणं सुहवयणमिदि जिणुद्दिट्ठं।
जिणदेवादिसु पूजा सुहकायं त्ति य हवे चेट्ठा ॥ ५५ ॥

જે વચન સંસારને છેદવામાં કારણ છે તે શુભ વચન છે એમ જિનેન્દ્રભગવાને કહ્યું છે. તથા જિનેન્દ્રદેવ આદિની પૂજા રૂપ જે ચેષ્ટા—શરીરની પ્રવૃત્તિ છે તે શુભકાય છે. ૫૫.

जम्मसमुद्दे बहुदोस बीचिये दुक्खजलचराकिण्णे।
जीवस्स परिब्भमणं कम्मासवकारणं होदि ॥ ५६ ॥

અનેક દોષરૂપી તરંગોથી યુક્ત તથા દુઃખરૂપી જળચર જીવોથી વ્યાપ્ત સંસારરૂપી સમુદ્રમાં જીવનું જે પરિભ્રમણ થાય છે તે કર્માસ્રવને લીધે થાય છે. અર્થાત્ કર્માસ્રવને લીધે જ જીવ સંસાર સમુદ્રમાં પરિભ્રમણ કરે છે. ૫૬.

कम्मासवेण जीवो बूडदि संसारसागरे घोरे।
जं णाणवसं किरिया मोक्खणिमित्तं परंपरया ॥५७॥

કર્માસ્રવને લીધે જીવ સંસારરૂપી ભયંકર સમુદ્રમાં ડૂબી રહ્યો છે. જે ક્રિયા જ્ઞાનવશ થાય છે તે પરંપરાએ મોક્ષનું કારણ થાય છે. ૫૭.

आसवहेदू जीवो जम्मसमुद्दे णिमज्जदे खिप्पं।
आसवकिरिया तम्हा मोक्खणिमित्तं ण चिंतेज्जो ॥५८॥

આસ્રવના કારણે જીવ સંસારરૂપી સમુદ્રમાં શીઘ્ર ડૂબી જાય છે તેથી આસ્રવરૂપ ક્રિયા મોક્ષનું નિમિત્ત નથી એમ વિચારવું જોઈએ.

ભાવાર્થ :—અશુભાસ્રવરૂપ ક્રિયા તો મોક્ષનું કારણ છે જ નહિ પરંતુ શુભાસ્રવરૂપ ક્રિયા પણ મોક્ષનું કારણ નથી એમ ચિંતન કરવું જોઈએ. ૫૮.

पारंपज्जाएण दु आसवकिरियाए णत्थि णिव्वाणं।
संसारगमणकारणमिदि णिंदं आसवो जाण ॥५९॥

પરંપરાએ પણ આસ્રવરૂપ ક્રિયાથી નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. આસ્રવ સંસારગમનનું જ કારણ છે તેથી નિંદનીય છે એમ જાણો. ૫૯.

पुव्वुत्तासवभेदा णिच्छयणयएण णत्थि जीवस्स।
उहयासवणिम्मुक्कं अप्पाणं चिंतए णिच्चं ॥६०॥

પહેલાં જે આસ્રવના ભેદ કહ્યાં છે તે નિશ્ચયનયથી જીવના નથી તેથી આત્માને બન્ને પ્રકારના આસ્રવોથી રહિત જ નિરંતર વિચારવો જોઈએ. ૬૦.



### સંવરાનુપ્રેક્ષા

चलमलिनमगाढं च वज्जिय, सम्मत्तदिढकवाडेण।
मिच्छत्तासवदारणिरोहो होदित्ति जिणेहिं णिद्दिट्ठं ॥६१॥

ચલ, મલિન અને અગાઢ દોષને છોડીને સમ્યક્ત્વરૂપી દૃઢ કપાટો (કમાડો)થી મિથ્યાત્વરૂપી આસ્રવદ્વારનો નિરોધ થઈ જાય છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.

ભાવાર્થ :—ચલ, મલિન અને અગાઢ એ સમ્યગ્દર્શનના દોષ છે. એનો અભાવ થઈ જવાથી સમ્યગ્દર્શનમાં દૃઢતા આવે છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર આસ્રવ છે. અહીં મિથ્યાત્વના નિમિત્તે થતા આસ્રવને દ્વારની તથા સમ્યગ્દર્શનને સુદૃઢ કમાડની ઉપમા આપી છે અને તે ઉપમાથી કહ્યું છે કે સમ્યગ્દર્શનરૂપી સુદૃઢ કમાડોથી મિથ્યાત્વના નિમિત્તે થવાવાળા આસ્રવરૂપ દ્વારનો નિરોધ થઈ જાય છે. આસ્રવનું રોકાવું તે જ સંવર કહેવાય છે. ૬૧.

पंचमहव्वयमणसा अविरमणणिरोहणं हवे णियमा।
कोहादि आसवाणं दाराणि कसायरहियपल्लगेहिं ॥६२॥

પંચમહાવ્રતોથી યુક્ત મનથી અવિરતિરૂપ આસ્રવનો નિરોધ નિયમથી થઈ જાય છે અને ક્રોધાદિ કષાયરૂપ આસ્રવનું દ્વાર કષાયના અભાવરૂપ ફાટકોથી રોકાઈ જાય છે—બંધ થઈ જાય છે. ૬૨.

सुहजोगस्स पवित्ती संवरणं कुणदि असुहजोगस्स।
सुहजोगस्स णिरोहो सुद्धुवजोगेण संभवदि ॥६३॥

શુભયોગની પ્રવૃત્તિ, અશુભયોગનો સંવર કરે છે અને

શુદ્ધોપયોગથી શુભયોગનો નિરોધ થઈ જાય છે. ૬૩.

सुद्धुवजोगेण पुणो धम्मं सुक्कं च होदि जीवस्स।
तम्हा संवरहेदू झाणो त्ति विचिंतए णिच्चं ॥ ६४॥

શુદ્ધોપયોગથી જીવને ધર્મધ્યાન અને શુકલધ્યાન થાય છે તેથી ધ્યાન સંવરનું કારણ છે એમ નિરંતર વિચારવું જોઈએ. ૬૪.

जीवस्स ण संवरणं परमट्ठणएण सुद्धभावादो।
संवरभावविमुक्कं अप्पाणं चिंतए णिच्चं ॥ ६५॥

પરમાર્થનય—નિશ્ચયનયથી જીવને સંવર નથી કેમકે તે શુદ્ધભાવથી સહિત છે. તેથી આત્માને સદાય સંવરભાવથી રહિત વિચારવો જોઈએ. ૬૫.

### નિર્જરાનુપ્રેક્ષા

बंधपदेसग्गलणं णिज्जरणं इदि जिणेहि पण्णत्तं।
जेण हवे संवरणं तेण दु णिज्जरणमिदि जाण ॥ ६६ ॥

બંધાયેલાં કર્મપ્રદેશોનું ગળવું (ખરવું) નિર્જરા છે એમ જિનેન્દ્રભગવાને કહ્યું છે. જે કારણે સંવર થાય છે તે જ કારણે નિર્જરા થાય છે. ૬૬.

सा पुण दुविहा णेया सकालपक्का तवेण कयमाणा।
चदुगदियाणं पढमा वयजुत्ताणं हवे विदिया ॥ ६७॥

વળી તે નિર્જરા બે પ્રકારની જાણવી જોઈએ—એક પોતાનો ઉદયકાળ આવ્યેથી કર્મોનું પોતાની મેળે પાકીને ખરી જવું અને બીજી તપ દ્વારા થયેલી. તેમાં પહેલી નિર્જરા તો ચારેય ગતિઓના જીવોને હોય છે અને બીજી નિર્જરા વ્રતી જીવોને હોય છે. ૬૭.



### ધર્માનુપ્રેક્ષા

एयारसदसभेयं धम्मं सम्मत्तपुव्वयं भणियं।
सागारणगाराणं उत्तमसुहसंपजुत्तेहिं ॥ ६८॥

જિનેન્દ્રભગવાને કહ્યું છે કે ઉત્તમ સુખથી સમ્પન્ન ગૃહસ્થો તથા મુનિઓનો ધર્મ ક્રમથી અગ્યાર અને દશ ભેદોથી યુક્ત છે તથા તે સમ્યગ્દર્શન પૂર્વક હોય છે.

ભાવાર્થ:—આત્માની નિર્મળ પરિણતિને ધર્મ કહે છે. તે ધર્મ ગૃહસ્થ અને મુનિના ભેદથી બે પ્રકારનો હોય છે. ગૃહસ્થધર્મના દર્શનપ્રતિમા આદિ અગ્યાર ભેદ છે અને મુનિધર્મના ઉત્તમ ક્ષમા આદિ દશ ભેદ છે. એ બન્ને પ્રકારના ધર્મોમાં પ્રથમ સમ્યગ્દર્શન હોવું આવશ્યક છે તે વગર ધર્મનો પ્રારંભ થતો નથી. ૬૮.

### ગૃહસ્થના અગ્યાર ધર્મ

दंसणवयसामाइयपोसहसच्चित्तरायभत्ते य।
बम्हारंभपरिग्गह अणुमणमुद्दिट्ठ देसविरदेदे ॥ ६९॥

દર્શન, વ્રત, સામાયિક, પ્રોષધ, સચિત્તત્યાગ, રાત્રિભોજનત્યાગ, બ્રહ્મચર્ય, આરંભત્યાગ, પરિગ્રહત્યાગ, અનુમતિત્યાગ અને ઉદ્દિષ્ટત્યાગ—એ અગ્યાર દેશવિરત અર્થાત્ ગૃહસ્થધર્મના ભેદો છે. ૬૯.

મુનિધર્મના દશ ભેદ

**उत्तमखममद्दवज्जवसच्चसउच्चं च संजमं चेव।**
**तवचागमकिंचण्हं बम्हा इदि दसविहं होदि॥ ७०॥**

ઉત્તમક્ષમા, ઉત્તમમાર્દવ, ઉત્તમઆર્જવ, ઉત્તમસત્ય, ઉત્તમશૌચ, ઉત્તમસંયમ, ઉત્તમતપ, ઉત્તમત્યાગ, ઉત્તમ-આકિંચન્ય અને ઉત્તમબ્રહ્મચર્ય—એ મુનિધર્મના દશ ભેદો છે. ૭૦.

ઉત્તમક્ષમાનું લક્ષણ

**कोहुप्पत्तिस्स पुणो बहिरंगं जदि हवेदि सक्खादं।**
**ण कुणदि किंचि वि कोहो तस्स खमा होदि धम्मो त्ति॥७१॥**

જો કે ક્રોધની ઉત્પત્તિના સાક્ષાત્ બહિરંગ કારણ હોય છતાં પણ જે જરાપણ ક્રોધ કરતા નથી તેને ક્ષમા ધર્મ હોય છે. ૭૧.

માર્દવધર્મનું લક્ષણ

**कुलरूवजादिबुद्धिसु तपसुदसीलेसु गारवं किंचि।**
**जो ण वि कुव्वदि समणो मद्दवधम्मं हवे तस्स॥ ७२॥**

જે મુનિ કુળ, રૂપ જાતિ, બુદ્ધિ, તપ, શ્રુત તથા શીલના વિષયમાં કિંચિત્ પણ ગર્વ કરતા નથી તેને માર્દવ ધર્મ હોય છે. ૭૨.

આર્જવધર્મનું લક્ષણ

**मोत्तूण कुडिलभावं णिम्मलहिदएण चरदि जो समणो।**
**अज्जवधम्मं तइयो तस्स दु संभवदि णियमेण॥ ७३॥**



જે મુનિ કુટિલભાવને છોડીને નિર્મળ હૃદયથી આચરણ કરે છે તેને નિયમથી ત્રીજો આર્જવ ધર્મ હોય છે. ૭૩.

સત્યધર્મનું લક્ષણ

**परसंतावयकारणवयणं मोत्तूण सपरहिदवयणं।**
**जो वददि भिक्खु तुरियो तस्स दु धम्मो हवे सच्चं॥७४॥**

બીજાને સંતાપ કરવાવાળા વચનને છોડીને જે ભિક્ષુ સ્વપરહિતકારી વચન બોલે છે તેને ચોથો સત્યધર્મ હોય છે. ૭૪.

શૌચધર્મનું લક્ષણ

**कंखाभावणिवित्तिं किच्चा वेरग्गभावणाजुत्तो।**
**जो वट्टदि परममुणी तस्स दु धम्मो हवे सोच्चं॥ ७५॥**

જે ઉત્કૃષ્ટ મુનિ કાંક્ષાભાવથી નિવૃત્ત થઈ વૈરાગ્યભાવથી યુક્ત રહે છે, તેને શૌચધર્મ હોય છે. ૭૫.

સંયમધર્મનું લક્ષણ

**वदसमिदिपालणाए दंडच्चाएण इंदियजएण।**
**परिणममाणस्स पुणो संजमधम्मो हवे णियमा॥ ७६॥**

મન વચન કાયની પ્રવૃત્તિરૂપ દંડને ત્યાગીને તથા ઇન્દ્રિઓને જીતી જે વ્રત અને સમિતિઓના પાલનરૂપ પ્રવૃત્તિ કરે છે તેને નિયમથી સંયમધર્મ હોય છે. ૭૬.

ઉત્તમ તપનું લક્ષણ

**विसयकसायविणिग्गहभावं काऊण झाणसज्झाए।**
**जो भावइ अप्पाणं तस्स तवं होदि णियमेण॥ ७७॥**

વિષય અને કષાયના વિશેષ નિગ્રહરૂપ ભાવ કરીને જે ધ્યાન અને સ્વાધ્યાય દ્વારા આત્માની ભાવના કરે છે તેને નિયમથી તપ હોય છે. ૭૭.

ત્યાગધર્મનું લક્ષણ

**णिव्वेगतियं भावइ मोहं चइऊण सव्वदव्वेसु ।**
**जो तस्स हवे चागो इदि भणिदं जिणवरिंदेहिं ॥ ७८ ॥**

જે સમસ્ત દ્રવ્યોના વિષયોમાં મોહનો ત્યાગ કરી ત્રણ પ્રકારના (—સંસાર, દેહ અને ભોગ પ્રત્યેની સર્વ અભિલાષાઓના ત્યાગરૂપ) નિર્વેદની ભાવના કરે છે તેને ત્યાગ ધર્મ હોય છે, એમ જિનેન્દ્રદેવે કહ્યું છે. ૭૮.

આકિંચન્યધર્મનું લક્ષણ

**होऊण य णिस्संगो णियभावं णिग्गहित्तु सुदुहदं ।**
**णिद्दंदेण दु वट्टदि अणयारो तस्स किंचण्हं ॥ ७९ ॥**

જે મુનિ નિઃસંગ—નિષ્પરિગ્રહ થઈ સુખ અને દુઃખ દેવાવાળા પોતાના ભાવોનો નિગ્રહ કરતો થકો નિર્દ્વંદ્વ રહે છે અર્થાત્ કોઈ ઇષ્ટ-અનિષ્ટના વિકલ્પમાં પડતો નથી તેને આકિંચન્ય ધર્મ હોય છે. ૭૯.

બ્રહ્મચર્યધર્મનું લક્ષણ

**सव्वंगं पेच्छंतो इत्थीणं तासु मुयदि दुब्भावं ।**
**सो बम्हचेरभावं सक्कदि खलु दुद्धरं धरिदुं ॥ ८० ॥**

જે સ્ત્રીઓના સર્વ અંગોને દેખવા છતાં તેમાં બૂરાં ભાવોને છોડે છે અર્થાત્ કોઈ પ્રકારના વિકારભાવને પ્રાપ્ત



થતો નથી તે નિશ્ચયથી અત્યંત દુઃસાધ્ય બ્રહ્મચર્ય ધર્મને ધારણ કરવા માટે સમર્થ હોય છે. ૮૦.

**सावयधम्मं चत्ता जदिधम्मे जो हु वट्टए जीवो ।**
**सो णय वज्जदि मोक्खं धम्मं इदि चिंतए णिच्चं ॥ ८१ ॥**

જે જીવ શ્રાવકધર્મને છોડી મુનિધર્મ ધારણ કરે છે તે મોક્ષને છોડતો નથી અર્થાત્ તેને મોક્ષની પ્રાપ્તિ અવશ્ય હોય છે આ પ્રકારે નિરંતર ધર્મનું ચિંતન કરવું જોઈએ.

ભાવાર્થ:—ગૃહસ્થધર્મ પરંપરાએ મોક્ષનું કારણ છે અને મુનિધર્મ સાક્ષાત્ મોક્ષનું કારણ છે તેથી અહીં ગૃહસ્થના ધર્મને ગૌણ કરી મુનિધર્મની પ્રમુખતા બતાવવા માટે કહ્યું છે કે જે ગૃહસ્થધર્મને છોડી મુનિધર્મમાં પ્રવૃત્ત થાય તે મોક્ષને છોડતો નથી અર્થાત્ તેને મોક્ષ અવશ્ય પ્રાપ્ત થાય છે. ૮૧.

**णिच्छयणएण जीवो सागारणगारधम्मदो भिण्णो ।**
**मज्झत्थभावणाए सुद्धप्पं चिंतए णिच्चं ॥ ८२ ॥**

નિશ્ચયનયથી જીવ ગૃહસ્થધર્મ અને મુનિધર્મથી ભિન્ન છે તેથી બન્ને ધર્મોમાં મધ્યસ્થ ભાવના રાખી નિરંતર શુદ્ધ આત્માનું ચિંતન કરવું જોઈએ.

ભાવાર્થ :—મોહ અને લોભથી રહિત આત્માની નિર્મલ પરિણતિને ધર્મ કહે છે. ગૃહસ્થધર્મ તથા મુનિધર્મ તે નિર્મલ પરિણતિ પ્રગટ કરવામાં સહાયક હોવાથી ધર્મ કહેવાય છે, પરમાર્થે ધર્મ નથી; તેથી બન્નેમાં મધ્યસ્થભાવ રાખતાં શુદ્ધ

આત્માના ચિંતનની અહીં આચાર્યદેવે પ્રેરણા આપી છે. ૮૨.

બોધિદુર્લભ ભાવના

उपज्जदि सण्णाणं जेण उवाएण तस्सुवायस्स।
चिंता हवेइ बोहो अच्चंतं दुल्लहं होदि ॥ ८३ ॥

જે ઉપાયથી સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે તે ઉપાયનું ચિંતન બોધિ છે, આ બોધિ અત્યંત દુર્લભ છે.

ભાવાર્થ :—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રને બોધિ કહે છે, તેનો (તથા તેના ઉપાયરૂપ પુરુષાર્થની) દુર્લભતાનો વિચાર કરવો તે બોધિદુર્લભભાવના છે. ૮૩.

कम्मुदयजपज्जायां हेयं खाओवसमियणाणं तु।
सगदव्वमुवादेयं णिच्छयत्ति होदि सण्णाणं ॥ ८४ ॥

ક્ષાયોપશમિક જ્ઞાન કર્મોદયથી થવાવાળી પર્યાય હોવાના કારણે હેય છે અને આત્મદ્રવ્ય ઉપાદેય છે એમ નિશ્ચય કરવો તે સમ્યગ્જ્ઞાન છે. ૮૪.

मूलुत्तरपयदीओ मिच्छत्तादी असंखलोगपरिमाणा।
परदव्वं सगदव्वं अप्पा इदि णिच्छयणएण ॥ ८५ ॥

મિથ્યાત્વથી લઈ અસંખ્યાત લોક પ્રમાણ જે કર્મોની મૂળ તથા ઉત્તર પ્રકૃતિયો છે તે પરદ્રવ્ય છે અને આત્મા સ્વદ્રવ્ય છે એમ નિશ્ચયનયથી કહેવાય છે.

ભાવાર્થ :—જ્ઞાયક સ્વભાવથી યુક્ત આત્મા સ્વદ્રવ્ય છે અને તેની સાથે રહેલાં જે નોકર્મ, દ્રવ્યકર્મ તથા ભાવકર્મ છે તે બધાં પરદ્રવ્ય છે એમ નિશ્ચયનયથી જાણવું જોઈએ. ૮૫.



एवं जायदि णाणं हेयमुवादेय णिच्छये णत्थि।
चिंतिज्जइ मुणि बोहिं संसारविरमणट्ठे य ॥ ८६ ॥

આ પ્રકારે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનું ચિંતન કરવાથી હેય અને ઉપાદેયનું જ્ઞાન થાય છે અર્થાત્ પરદ્રવ્ય હેય છે અને સ્વદ્રવ્ય ઉપાદેય છે. નિશ્ચયનયમાં હેય અને ઉપાદેયના વિકલ્પ નથી. મુનિએ સંસારનો વિરામ કરવા અર્થે બોધિનો વિચાર કરવો જોઈએ. ૮૬.

बारस अणुवेक्खाओ पच्चक्खाणं तहेव पडिक्कमणं।
आलोयणं समाहिं तम्हा भावेज्ज अणुवेक्खं ॥ ८७ ॥

એ બાર અનુપ્રેક્ષાઓ જ પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, આલોચના અને સમાધિ છે માટે આ અનુપ્રેક્ષાઓની નિરંતર ભાવના કરવી જોઈએ. ૮૭.

रत्तिदिवं पडिकमणं पच्चक्खाणं समाहिं सामइयं।
आलोयणं पकुव्वदि जदि विज्जदि अप्पणो सत्ती ॥ ८८ ॥

જો પોતાની શક્તિ હોય તો રાત્રિ–દિવસ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સમાધિ, સામાયિક અને આલોચના કરવાં જોઈએ. ૮૮.

मोक्खगया जे पुरिसा अणाइकालेण बारअणुवेक्खं।
परिभाविऊण सम्मं पणमामि पुणो पुणो तेसिं ॥ ८९ ॥

અનાદિ કાળથી જે પુરુષો દ્વાદશ અનુપ્રેક્ષાઓનું સારી રીતે ચિંતન કરી મોક્ષે ગયા છે તેમને હું વારંવાર પ્રણામ કરું છું. ૮૯.

किं पलविएण बहुणा, जे सिद्धा णरवरा गये काले।
सिज्झिहदि जेवि भविया तं जाणह तस्स माहप्पं ॥९०॥

વિશેષ વિસ્તારથી શું લાભ? ભૂતકાળમાં જે શ્રેષ્ઠ પુરુષો સિદ્ધ થયાં છે અને જે ભવિષ્યમાં સિદ્ધ થશે તે અનુપ્રેક્ષાઓનું જ માહાત્મ્ય જાણો. ૯૦.

इदि णिच्छयववहारं जं भणियं कुन्दकुन्दमुणिणाहे।
जो भावइ सुद्धमणो सो पावइ परमणिव्वाणं ॥९१॥

એ પ્રમાણે કુન્દકુન્દ મુનિરાજે નિશ્ચય અને વ્યવહારનું આલંબન લઈને જે કહ્યું છે તેની શુદ્ધ હૃદયે કરી જે ભાવના કરે છે તે પરમ નિર્વાણને પ્રાપ્ત થાય છે. ૯૧.

ઇતિ દ્વાદશ અનુપ્રેક્ષા.

[ બારસ અણુવેક્ખા ]

[ બાર ભાવના ]